# વૈશ્વિક બ્રાન્ડ "બ્રધર"ના ડાયરેક્ટરની ગાંધીનગર મુલાકાત

**સોઇંગ મશીન-પ્રિન્ટર્સ સહિત ટેકનોલોજી ઉત્પાદનો માટે જાણીતી કંપની "બ્રધર" ના ભારત ખાતેના જાપાનીઝ ડાયરેક્ટર સાલેમ નિશિએ "કલાશ્રી" સંસ્થાની મુલાકાત લીધી : જાપાન જેના માટે જાણીતું છે તેવી ફેબ્રિક ડોલ્સ મેકિંગ આર્ટમાં રંજનબેન ભટ્ટના યોગદાનથી પ્રભાવિત નિશિએ પત્નિ-સ્ટાફ માટે ડોલ્સ પણ ખરીદી**





ગાંધીનગર, તા.૧૬ ગાંધીનગરની સુપ્રસિદ્ધ "કલાશ્રી" ડોલ્સે ફરી એકવાર શહેરને આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવ્યું છે. ડોલ મેકિંગ કળા મૂળભૂત જે દેશની છે તે જાપાન જેના કારણે હિંદી ફિલ્મો સહિત દેશભરમાં "જાપાની ગુડીયા" કે "ગુડીયા જાપાન કી" જેવા બહુમાન જાણીતા બન્યાં છે તે જાપાન દેશની ટેકનોલોજી ક્ષેત્રે ખૂબજ જાણીતી વૈશ્વિક કંપની "બ્રધર ઈન્ટરનેશનલ ઈન્ડિયા લિમિટેડ" કંપનીના ભારત ખાતેના ડાયરેકટર સાલેમ નિશિએ ગઈકાલે ગાંધીનગરના સે.૫ ખાતે કલાશ્રી ડોલ્સના વર્કશોપ ખાતે રૂબરૂ મુલાકાત લીધી હતી અને એટલું જ નહીં તેઓ કલાશ્રી ડોલ્સથી એટલાં પ્રભાવિત થયાં હતાં કે તેમણે સ્થળ પરથી જ પોતાની પત્નિને વિડિયો કોલ કરીને ડોલ્સ દેખાડી હતી તેમજે તેમના અને સ્ટાફ-મિત્રો માટે ડોલ્સનો ઓર્ડર પણ નોંધાવ્યો હતો. અત્યાર સુધી જાપાનીઓ પોતાના દેશમાં બનેલી ડોલ્સ બીજા દેશમાં મોકલતાં રહ્યાં છે પરંતુ કદાચ પહેલીવાર કોઈ જાપાનીએ પોતાના માટે જાપાની નહીં પરંતુ "ભારતીય" કહી શકાય તેવી હેન્ડમેડ ડોલ્સ ખરીદી છે જે પણ ગાંધીનગરમાંથી તે બાબત પાટનગરને ગૌરવ અપાવનારી છે.

સાલેમ નિશિની ગાંધીનગર મુલાકાત પાછળ પણ રસપ્રદ કહાની છે. છેલ્લાં ૨૫ કરતાં પણ વધુ વર્ષોથી ગાંધીનગરમાં હાથેથી બનાવેલી કપડાંની ડોલ્સને તબક્કાવાર ગરિમા અપાવીને આંતરરાષ્ટ્રીય સ્તરે પાટનગરનું નામ ઝળકાવનાર ૭૮ વર્ષીય રંજનબેન ભટ્ટ અને તેમના પુત્ર હરિન ભટ્ટ છેલ્લાં કેટલાંક સમયથી બેંગલુરુના ઈસ્કોન સંલગ્ન "ટચ ટોન ફાઉન્ડેશન" માટે રાધા-કૃષ્ણ સહિતની વિવિધ ડોલ્સ બનાવવાનું કાર્ય કરી રહ્યાં છે. આ એજ સંસ્થા છે જે 'અક્ષયપાત્ર' થકી દિવસના પાંચ લાખથી વધુ બાળકોને ગરમાગરમ પૌષ્ટિક ભોજન પંહોચાડવાની સેવા પુરી પાડે છે. ટચ ટોન ફાઉન્ડેશન દ્વારા સતત વધતાં જતા ઓર્ડરને પંહોચી વળવું કલાશ્રી ફાઉન્ડેશનના સંચલાકો માટે મુશ્કેલ બની રહ્યું હતું કેમકે તેમની પાસે ૪૦ મહિલાઓનો સ્ટાફ તો છે પરંતુ તેઓ ફેબ્રિકના સિવણ કામ માટે મેન્યુઅલ સોઈંગ મશીન એટલે કે સાદા સિવણ મશીનોનો ઉપયોગ કરી રહ્યાં હતા જ્યારે આ કામ માટે હવે તેમને ખૂબ ઝડપી અને વૈવિધ્યપૂર્ણ કાર્ય કરી શકે તેવાં કોમ્પ્યુટરાઈઝ્ડ ઓટોમેટિક મશીનોની જરૂર હતી. આ પ્રકારના મશીનો માટે તપાસ હાથ ધરતાં તેમની જરૂરિયાત વૈશ્વિક સ્તરે સોઈંગ મશીનોમાં મોખરાનું સ્થાન ધરાવતી "બ્રધર" કંપનીના કોમ્પ્યુટરાઈઝ્ડ મશીનો તેમની જરૂરિયાત મુજબના સિવણ કાર્ય માટે યોગ્ય લાગતાં તેમણે તે કંપનીના વિક્રેતાઓનો સંપર્ક કરીને માહિતી માંગી હતી. જોકે બ્રધર કંપનીના ગુજરાત ખાતેના ટેકનિશિયન્સ કે અધિકારીઓ "કલાશ્રી"ને મશીન અંગે કેટલાંક મુંઝવતા પ્રશ્નોના યોગ્ય ખુલાસા આપવા અસમર્થ રહેતાં તેમણે મુંબઈ ઓફિસથી ટેકનિશિયન્સ બોલાવીને અંહી મશીનનું ડેમોન્સ્ટ્રેશન કરાવ્યું હતું જે સંતોષકારક રહેતાં "કલાશ્રી" દ્વારા પ્રારંભિક સ્તરે રૂ.૨.૫ લાખનું એક મશીન ખરીદવામાં આવ્યું હતું. સમગ્ર પ્રક્રિયા દરમ્યાન સાલેમ નિશિ સુધી વાત પંહોચી હતી જેમણે "ડોલ્સ"ની વાત હોવાને કારણે અંગત રસ લીધો હતો અને તેઓ સતત ત્રણેક માસથી હરિન ભટ્ટના સંપર્કમાં રહ્યાં હતાં. આ દરમ્યાન "કલાશ્રી" દ્વારા "બ્રધર" કંપનીના સંપૂર્ણ કોમ્પ્યુટરાઝ્ડ સોઈંગ મશીનના ઉપયોગથી એમ્બ્રોયડરી અને લોગો મેકિંગ ઉપરાતંના નવા નવા ફેબ્રિક આર્ટને લગતાં ઓબ્જેક્ટ્સને ડેવલપ કરવામાં આવ્યાં હતા. આ બાબતથી પ્રભાવિત થઈને તેમણે પોતાની કંપનીના મશીનની કાર્યક્ષમતા ચકાસવા અને ડોલ્સ મેકિંગમાં ઉપયોગ અંગે જાણવા તેમજ એક જાપાની હોવાને નાતે "કલાશ્રી" ડોલ્સમાં રસ પડ્યો હોવાથી તેની કામગીરી નિહાળવાના હેતુથી જાતે ગાંધીનગર આવવાનો નિર્ધાર કર્યો હતો જે અંતર્ગત તેમણે ગઈકાલે "કલાશ્રી"ની મુલાકાત લીધી હતી અને રંજનબેન ભટ્ટની ડોલ્સ મેકિંગ કળા પ્રત્યેની પ્રતિબદ્ધતાથી તેઓ પ્રભાવિત થયાં હતાં. "કલાશ્રી"ની મુલાકાત દરમ્યાન સાલેમ નિશિ સાથે બ્રધર કંપનીના ભારત ખાતેના પ્રોડક્શન મેનેજર સૌરભ કદમ સહિતના અધિકારીઓ પણ જોડાયાં હતાં.

### "કલાશ્રી"ની યશકલગીમાં વધુ એક પીંછુ ઉમેરાયું

વર્ષો પહેલાં લિમ્બર્ડ કંપનીના રૂ.૩૦૦માં મળતાં સાદા સિવણ મશીનથી શરૂઆત કરીને રંજનબેન ભટ્ટની ડોલ્સ મેકિંગ આર્ટ થકી ગાંધીનગરને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવનાર "કલાશ્રી" સંસ્થાએ અત્યાર સુધીમાં ગીનિઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્ઝ, યુનાઈટેડ નેશન્સ એવોર્ડ, વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્ઝ અને વર્લ્ડ રેકોર્ડ્ઝ બુક ઓફ લંડન એમ ચાર આંતરરાષ્ટ્રીય કક્ષાનું સન્માન મેળવ્યું છે જેમાં એક લાખથી વધુ ડોલ્સ મેકિંગના વિશ્વવિક્રમનો સમાવેશ થાય છે. જ્યાં મોટેભાગે જાપાનીઓના જ વિશ્વવિક્રમો હતા તેમાં પગ પેસારો કરીને નામના મેળવનાર કલાશ્રીના હરિન ભટ્ટે જણાવ્યું હતું કે "સાલેમ નિશિ જેવા જાપાનીઝને અમારી ડોલ્સ મેકિંગથી અમે આકર્ષી શક્યાં તેનો અમને હરખ છે. અત્યાર સુધી જેને "કઠપુતળી"ની કળા તરીકેની ઓળખાણને પાછળ મુકીને હવે અમારી કલાને ગાંધીનગરની મુખ્ય પાંચ વિશેષતાઓમાં કાયમી ધોરણે ગણના થાય તે જ હવે અમારું લક્ષ્ય છે".

### સાલેમ નિશિ બોલી ઉઠ્યાં "બહુ સુંદર છે"

સોઈંગ મશીનોમાં મોખરાનું સ્થાન ધરાવતી અને ભારતમાં લેઝર પ્રિન્ટર્સ સહિતના ઉત્પાદનોથી જાણિતી વૈશ્વિક કંપની "બ્રધર"નો ભારત ખાતેનો તમામ કાર્યભાર સંભાળતા જાપાનીઝ ડાયરેક્ટર સાલેમ નિશિએ "કલાશ્રી" ખાતે મુલાકાત દરમ્યાન તેમના મશીન ડોલ્સ મેકિંગમાં કેવી રીતે કાર્ય કરે છે અને આર્ટિસ્ટ તરીકે મશીન બાબતે "કલાશ્રી"ના સંચાલકોનો રિવ્યુ કેવો છે જેવી બાબતો જાણવાં અગંત રસ લીધો હતો. આ મુલાકાત દરમ્યાન તેઓ "કલાશ્રી"ના પ્રણેતા રંજનબેન તેમજ તેમના પુત્ર હરિન ભટ્ટની પ્રતિબદ્ધતાથી પ્રભાવિત થયાં અને મોટેભાગે જાપાનીમાં જ વાત કરતાં સાલેન નિશિ કલાશ્રીની ડોલ્સને જોઈને ગુજરાતીમાં બોલી ઉઠ્યાં હતાં કે "બહુ સુંદર છે". આ સાથે તેમણે જણાવ્યું હતું કે "હવે અમારા મશીનની ડોલ્સ મેકિંગના ઉપયોગ તરીકેની કાર્યક્ષમતાનો ઉમેરો થયો છે, જે અમે બધાને શિખવીશું જેથી અનેક વ્યક્તિઓ તેના થકી રોજગારી મેળવી શકશે." મુલાકાત દરમ્યાન તેમણે પરંપરાગત ગુજરાતી ભોજનનો પણ આસ્વાદ માણ્યો હતો.

# ગાંધીનગર શહેર-જિલ્લામાં "વિશ્વ યોગ દિવસ"ની ઉજવણીની તૈયારીઓ

**રાજ્ય યોગ બોર્ડ અને જિલ્લા વહીવટીતંત્ર ઉપરાંત વિવિધ સંસ્થાઓમાં યોગ દિવસ ઉજવવનો થનગનાટ : શહેરી સોસાયટીઓથી માંડીને ગ્રામ્ય કક્ષાએ યોગ પ્રત્યે ઉત્સાહનો માહોલ : નાના-મોટા સંગઠનો કાર્યરત**

ગાંધીનગર : તા.૧૬

આગામી તા.૨૧મી જુને "વિશ્વ યોગ દિવસ"ની ગાંધીનગરમાં પણ ભવ્ય ઉજવણી કરવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ગાંધીનગરના અડાલજ ખાતેના ત્રિમંદિર ખાતેના કન્વેન્શન સેન્ટર પર ૪ હજારથી વધુ યોગાર્થીઓની ઉપસ્થિતિમાં વિશ્વ યોગ દિવસ ઉજવવાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે તે સાથે જ ગાંધીનગર શહેરમાં પણ નાના મોટા વિવિધ સંસ્થાઓ અને યોગ સંગઠનો દ્વારા દરેક સેકટરો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા જિલ્લાના ૨૪ સેન્ટર ખાતે યોગ સપ્તાહનો આરંભ કરવામાં આવ્યો છે. આ સાથે યોગ દિવસની ઉજવણીમાં ગાંધીનગર જિલ્લામાં યુવાનો અને બાળકો ઉપરાંત વડીલો, મહિલાઓ અને વિકલાંગોને પણ યોગ પ્રતિ વિશેષ જાગૃત કરવાના પ્રયત્નો કરાશે. શહેરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સહયોગથી પતંજલિ યોગપીઠ, આર્ટ ઓફ લિવિંગ, ભારતીય યોગ સંસ્થાન, મહર્ષિ અરવિંદ કેન્દ્ર, માનસ યોગ સેવા ટ્રસ્ટ, ગાયત્રી પરિવાર સહિત અનેક નાની મોટી સંસ્થાઓ તેમજ શૈક્ષણિક સંકુલો દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના ત્રણેય તાલુકામાં યોગ દિવસે તાલુકા કક્ષાના કાર્યક્રમો યોજાશે. ગાંધીનગર તાલુકા કક્ષાનો કાર્યક્રમ ગુજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે યોજાશે. કલોલ તાલુકા કક્ષાનો કાર્યક્રમ જૈનવાડી, પાનસર ખાતે યોજાશે, દહેગામ તાલુકા કક્ષાનો કાર્યક્રમ ગલુદણ પટેલ સમાજવાડી ખાતે યોજાશે અને માણસા તાલુકા કક્ષાનો કાર્યક્રમ ગ્રામસેવા મહાવિદ્યાલય, ગ્રામભારતી, અમરાપુર ખાતે યોજાશે. તમામ આયોજનો થકી વધુને વધુ નાગરિકો યોગ સાથે જોડાય તેવા ઉદ્દેશ સાથે વિવિધ કક્ષાએ યોગ નિદર્શન કાર્યક્રમો યોજાશે.

કલોલ નગરપાલિકાની યોગ દિવસની ઉજવણી સરદાર બાગમાં થશે. માણસા નગરપાલિકાની ઉજવણી એસ. ડી. આર્ટ્સ એન્ડ બી. આર. કોમર્સ, માણસા ખાતે થશે. જ્યારે દહેગામ નગરપાલિકાની ઉજવણી ઔડા ગાર્ડન, ઋષિલ મોલ પાસે, દહેગામ ખાતે થશે.

# રાજ્યમાં ટૂંક જ સમયમાં ઈ-ટ્રાફિક કોર્ટ શરૂ થશે

**ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસે સંકેત આપ્યા છે : ઈ-ટ્રાફિક કોર્ટ, ઇ-મેમોના દંડની રકમ અને પ્રોસીક્યુશન મુદ્દે હાઇકોર્ટે ગુજરાત સરકારને નોટિસ ફટકારી છે**

અમદાવાદ, તા.૧૬

રાજ્યમાં ટ્રાફિકના નિયમોની અમલવારીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં હવે ઈ-ટ્રાફિક કોર્ટ શરૂ થશે. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસે સંકેત આપ્યા છે કે રાજ્યમાં ટૂંક જ સમયમાં ઈ-ટ્રાફિક કોર્ટ શરૂ થશે. ઈ-ટ્રાફિક કોર્ટમાં ટ્રાફિક નિયમો તોડનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે. મળતી માહિતી મુજબ હવે ટ્રાફિક નિયમો તોડનારાઓને ઈ-મેમો સાથે તેમની સામે FIR પણ દાખલ કરવામાં આવશે. અને જો ઈ-મેમોની દંડની રકમ ભરવામાં નહીં આવે તો ઈ-ટ્રાફિક કોર્ટમાં આવા નાગરિકો સામે કાર્યવાહી કરવામાં આવશે. ઈ-મેમોના દંડની રકમની ભરપાઈ મુદ્દે થયેલી જાહેર હિતની અરજીની સુનાવણીમાં ગુજરાત હાઈકોર્ટે ઈ-ટ્રાફિક કોર્ટની બાબત સ્પષ્ટ કરી છે. ઈ-ટ્રાફિક કોર્ટ, ઈ-મેમોના દંડની રકમ અને પ્રોસીક્યુશન મુદ્દે હાઈકોર્ટે ગુજરાત સરકારને નોટિસ ફટકારી છે. જાહેરહિતની અરજીમાં અરજદારે ૧૨૦ કરોડના દંડની વસુલાત નહીં થઈ હોવણી રજૂઆત કરી છે. જો ૬ મહિના સુધી પ્રોસિક્યુશન દાખલ ના થાય તો ઈ-મેમો પર કાર્યવાહી ન થઈ શકે એવી સ્થિતિ હોવાની પણ ફરિયાદ કરવામાં આવી છે. આ અંગે વધુ સુનાવણી આગામી ૧ જુલાઈએ કરવામાં આવશે.

# પેટ્રોલ પંપ પર મોંઘુ પ્રિમિયમ પેટ્રોલ પૂરાવવા નાગરિકો મજબૂર

**સાદું પેટ્રોલ ખતમ થઈ જતાં પ્રિમિયમ પેટ્રોલ જ વેચાઈ રહ્યું છે : ડીલર્સનું કહેવું છે કે ડિમાન્ડની સામે માંડ ૪૦ ટકા જેટલા પેટ્રોલ ડીઝલ સપ્લાય થઈ રહ્યા હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે**

ગાંધીનગર, તા.૧૬

પેટ્રોલ અને ડીઝલની છેલ્લા ચારેક દિવસથી સર્જાયેલી તંગીમાં આજે પાંચમા દિવસે પણ ખાસ ફરક નથી પડ્યો. ગાંધીનગરના ઘણા વિસ્તારોમાં પેટ્રોલ પંપોમાં સ્ટોક ખૂટી પડ્યો છે, જ્યારે કેટલાક પેટ્રોલ પંપમાં સાદું પેટ્રોલ ખતમ થઈ જતાં પ્રિમિયમ પેટ્રોલ જ વેચાઈ રહ્યું છે, જેનો ભાવ સાદા પેટ્રોલથી ખૂબ જ વધારે છે. પેટ્રોલિયમ ડીલર્સનું કહેવું છે કે હાલ ડિમાન્ડની સામે માંડ ૪૦ ટકા જેટલા પેટ્રોલ ડીઝલ સપ્લાય થઈ રહ્યા હોવાથી આ સ્થિતિ સર્જાઈ છે. પેટ્રોલ ના હોવાના કારણે ટુ વ્હીલર ચાલકોને આમથી તેમ ધક્કા ખાવા પડી રહ્યા છે, તેવી જ રીતે ડીઝલ વાહનો ધરાવતા લોકોને પણ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યાં પેટ્રોલ ઉપલબ્ધ છે તે પેટ્રોલ પંપો પર લાંબી લાઈનો પણ જોવા મળી રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ખાનગી તેમજ પ્રાઈવેટ ઓઈલ કંપનીઓ તરફથી મળતો સપ્લાય છેલ્લા ૧૫ દિવસથી ઘટી ગયો છે. ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલિયમ ડીલર્સના સેક્રેટરી ધીમંત ઘેલાણીના જણાવ્યા અનુસાર, પેટ્રોલપંપોને જેટલી જરુર છે તેની સામે માંડ અડધો સપ્લાય આવી રહ્યો છે. ઓઈલ કંપનીઓએ જ સપ્લાય પર કાપ મૂકી દેતા આ સ્થિતિ સર્જાઈ છે. તેના લીધે પેટ્રોલ અને ડીઝલની તંગી વધી જ રહી છે. વળી, બલ્ક કસ્ટમર્સ પણ હવે ડીઝલ લેવા રિટેઈલ પેટ્રોલપંપો પર આવતા હોવાથી તેની ડિમાન્ડ પણ ખૂબ વધી ગઈ છે.

ઓઈલ કંપનીઓના સૂત્રોના જણાવ્યા અનુસાર, બલ્કમાં ડીઝલ ખરીદનારાને ઓઈલ કંપનીઓમાંથી અગાઉ સસ્તામાં ડીઝલ મળતું હતું, પરંતુ ક્રુડની કિંમત વધતા બલ્ક ડીઝલની કિંમત પણ વધારી દેવાતા હવે તેઓ પેટ્રોલપંપો પરથી તેની ખરીદી કરી રહ્યા છે. તેના લીધે રિટેઈલ પંપો પર સ્ટોક ઝડપથી ખતમ થઈ રહ્યો છે. સરકારી ઓઈલ કંપનીઓ તેમજ રિટેઈલર્સનો આક્ષેપ છે કે પ્રાઈવેટ પેટ્રોલિયમ કંપનીઓ પૂરતો જથ્થો સપ્લાય ના કરી રહી હોવાના કારણે સરકારી રિફાઈનરીઓ પર બોજ વધઈ રહ્યો છે.

જોકે, પ્રાઈવેટ ઓઈલ કંપનીઓ આ આક્ષેપને નકારી રહી છે. તેમનું કહેવું છે કે મોટાભાગના પેટ્રોલપંપ સરકારી કંપનીઓના છે. ગુજરાતમાં ૪૯૦૦ જેટલા પેટ્રોલ પંપો આવેલા છે, જેમાંથી ૯૦૦ની માલિકી પ્રાઈવેટ કંપનીઓની છે જ્યારે બાકીના સરકારી કંપનીઓ ઓપરેટ કરે છે.

# કેન્દ્રના ASI ના સર્વેક્ષણમાં ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતનો સતત વધતો પ્રભાવ

**રાજ્યની ફિક્સ્ડ કેપિટલ ૨૦૧૨-૧૩માં ૧૪.૯૬ ટકાથી વધીને ૨૦૧૯-૨૦માં ૨૦.૫૯ ટકા થઈ**

વીતેલા કેટલાક વર્ષોમાં દેશના તમામ રાજ્યોની વચ્ચે ઔદ્યોગિક રોકાણો હાંસલ કરવા માટે એક સકારાત્મક સ્પર્ધાનું વાતાવરણ ઊભું થયું છે. રાજ્યો વચ્ચે ચાલી રહેલી આ સકારાત્મક સ્પર્ધામાં પણ ગુજરાતે બાજી મારી લીધી છે. તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થયેલા એન્યુઅલ સર્વે ઓફ ઈન્ડસ્ટ્રીઝ અનુસાર ગુજરાતમાં ફિક્સ્ડ કેપિટલ ૨૦૧૨-૧૩માં ૧૪.૯૬ ટકાથી વધીને ૨૦૧૯-૨૦માં ૨૦.૫૯ ટકા થઈ ગઈ છે. મહત્વની વાત એ છે કે આ જ સમયગાળા દરમિયાન ફિક્સ્ડ કેપિટલમાં દેશના મહારાષ્ટ્ર, તમિલનાડુ અને કર્ણાટક જેવા ટોચના ઔદ્યોગિક રાજ્યોનો હિસ્સો ઘટી ગયો છે.

આ રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે અન્ય કોઈપણ ભારતીય રાજ્યની સરખામણીએ ગુજરાતમાં વધુ મશીનરી, સાધનો, મકાનો અને અન્ય ફેક્ટરી એસેટ્સ છે અને આ અંતર પણ સતત વધી રહ્યું છે. આનું કારણ એ છે કે રાજ્ય સરકાર પોતાની ઔદ્યોગિત નીતિઓમાં અન્ય રાજ્યોની સરખામણીએ ઘણી આગળ અને વધુ પ્રોગ્રેસિવ છે.

કેન્દ્રના આ રિપોર્ટમાં ગુજરાતની સિદ્ધિના સંદર્ભમાં વાત કરતા ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા (છજી) એ જણાવ્યું કે, "આ રિપોર્ટ વર્ષ ૨૦૧૯-૨૦ પહેલાના સમયમાં અમારા દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને પ્રદર્શિત કરે છે. આ એ વાતનું પ્રમાણ છે કે કેવી રીતે અમે દરેક વર્ષે ગુજરાતને દેશનું ઔદ્યોગિક કેન્દ્ર બનાવવાની દિશામાં કામ કર્યું છે. ગુજરાતની આ સિદ્ધિનો શ્રેય રાજ્ય સરકારના નેતૃત્વને જાય છે. અમને વિશ્વાસ છે કે આગામી બે વર્ષોના રિપોર્ટ્સમાં પણ ગુજરાત આ કેટેગરીઓમાં વધુ સારા નંબરો લઈને આવશે, કારણકે ગત બે વર્ષોમાં અમે દેશમાં કેવળ સૌથી વધુ રોકાણો જ હાંસલ નથી કર્યા, પરંતુ જમીની સ્તર પર પણ ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રએ ખૂબ જ વિકાસ કર્યો છે."

**(ઇન્વેસ્ટેડ કેપિટલ અને પ્રોડક્ટિવ કેપિટલમાં પણ ગુજરાત દેશમાં સૌથી આગળ)**

કેન્દ્ર સરકારના આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ૨૦૧૯-૨૦ માં રૂ.૭૪,૮૪૭,૩૯૧ લાખની ફિક્સ્ડ કેપિટલ ઉપરાંત રૂ.૯૬,૧૫૬,૭૬૦ની ઈન્વેસ્ટેડ કેપિટલ અને રૂ.૮૫,૮૮૪,૦૩૭ની પ્રોડક્ટિવ કેપિટલ સાથે ગુજરાત આ કેટેગરીમાં પણ દેશમાં સૌથી આગળ છે. પ્રોડક્ટિવ કેપિટલમાં કાચો માલ, અર્ધતૈયાર માલ અને રોકડ નાણાનો સમાવેશ થાય છે. પ્રોડક્ટિવ કેપિટલમાં ગુજરાતનો હિસ્સો ૨૦૧૨-૧૩માં ૧૫.૧ ટકાથી વધીને ૨૦૧૯-૨૦માં ૧૯ ટકા થઈ ગયો છે. આ કેટેગરીઓમાં ગુજરાત પછી મહારાષ્ટ્ર બીજા સ્થાન પર છે, ત્યારબાદ તમિલનાડુ ત્રીજા, કર્ણાટક ચોથા અને ઉત્તરપ્રદેશ પાંચમા સ્થાન પર છે.

અન્ય ઔદ્યોગિક રાજ્યો માટે ફેક્ટરી ઉત્પાદન મૂલ્યના હિસ્સામાં કોઈ ખાસ ફેરફાર થયો નથી. આ રિપોર્ટ મુજબ, ગુજરાતે કુલ ઉત્પાદનમાં ૧૮.૧ ટકા હિસ્સેદારી સાથે ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. કુલ ઉત્પાદનમાં મહારાષ્ટ્રનો હિસ્સો ૨૦૧૨-૧૩માં ૧૭ ટકાથી ઘટીને ૨૦૧૯-૨૦માં ૧૩.૮ ટકા થયો છે. આ જ સમયગાળા દરમિયાન તમિલનાડુએ કુલ ઉત્પાદનમાં પોતાના હિસ્સો ૧૦.૩ ટકા પર જાળવી રાખ્યો છે.

**(ફેક્ટરીઓની સંખ્યામાં ગુજરાત દેશમાં બીજા સ્થાન પર)**

ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતે ભારતીય મૂડીરોકાણ અને વિદેશી મૂડીરોકાણોનો મોટો હિસ્સો આકર્ષિત કર્યો છે, પરંતુ આજે પણ તમિલનાડુએ સૌથી વધુ ફેક્ટરીઓ હોવાનો પોતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. સંખ્યાની દ્રષ્ટિએ આ ભારતના કુલ કારખાનાઓનો ૧૫.૮ ટકા (૩૮,૮૩૭ ફેક્ટરીઓ) હિસ્સો છે. ગુજરાત ૧૧.૬ ટકા (૨૮,૪૭૯ ફેક્ટરીઓ) હિસ્સેદારી સાથે બીજા સ્થાન પર છે. ત્યારબાદ ૧૦.૪ ટકા (૨૫,૬૧૦ ફેક્ટરીઓ) હિસ્સા સાથે મહારાષ્ટ્ર ત્રીજા સ્થાન પર છે.

ગુજરાત સરકારને આશા છે કે આગામી બે વર્ષોમાં પણ છજીંના રિપોર્ટમાં ઉલ્લેખિત આ કેટેગરીઓમાં ગુજરાત ખૂબ સારું પ્રદર્શન કરશે. આ માટે સરકારનું કહેવું છે કે તેમણે વીતેલા બે વર્ષોમાં પોતાની ઔદ્યોગિક નીતિઓમાં પ્રોત્સાહક ફેરફારો કર્યા છે, જેના ફાયદાઓ હવે જમીની સ્તર પર જોવા મળી રહ્યા છે.

# ગાંધીનગર કોર્ટમાં મેડિકલ કેમ્પ યોજાયો વકીલોએ મોટી સંખ્યામાં લાભ લીધો

**બી પી ડાયાબીટીસ અને કેન્સર જેવી બિમારી અંગે જાગૃતિ કેળવાય તે અંગે વકીલોને માહિતગાર કરાયા**



ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર બાર એસોસિએશન દ્વારા મહાનગરપાલિકના સહયોગથી કોર્ટ સંકુલ ખાતે મેડિકલ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ હતુ આ કેમ્પમાં વકીલો ઉત્સાહભેર હેલ્થ ચેક અપ માટે જોડાયા હતા કોર્ટ કેસમાં સ સતત વ્યસ્ત રહેતા વકીલોએ ડાયાબીટીસ, બીપી સહીતનુ નિદાન કરાવ્યુ હતુ. જયારે મેડિકલ કેમ્પના આયોજન માટે પ્રયત્નશીલ ઈલાબેન વોરએ પણ આ તબકકે વકીલોને ગંભીર રોગ અંગે જાણકારી આપી જાગૃત કર્યા હતા જેમાં વકીલ ઈલાબેન વોરાએ સંજીવની લાઈફ બિયોન્ડ કેન્સર વિશેની માહીતી આપી હતી.

સરકારી વકીલ યોગેશ જન્સારીએ પણ યોગ અને આર્યવેદિક ઔષધિ વિશેની માહીતી પુરી પાડી હતી. વકીલો માટે યોજાયેલા આ મેડિકલ કેમ્પના આયોજનને સફળ બનાવવા માટે એડવોકેટ જયશ્રીબેન બારોટ, લલિતાબેન પવાર, ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ સંજયસિંહ વાઘેલા, પુર્વ પ્રમુખ વિજયસિંહ વાઘેલા, કેતન વ્યાસ તેમજ ગુજરાત બાર કાઉન્સિલના શંકરસિંહ ગોહીલે જહેમત ઉઠાવી હતી.

કોર્ટ સંકુલના વકીલોએ મોટી સંખ્યામાં કેમ્પનો લાભ લીધો હતો જયારે કેમ્પના આધારે રોગ પ્રતિકારક શકિત વધારવા માટે તેમજ નિયમિત અને તંદુરસ્ત જીવન અંગે પણ વિશેષ ચર્ચા થઈ હતી.